# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**


**તા.૦૧/૧૦/૨૦૨૫ બુધવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૧૩૭૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૪૫ લીટર દેશી દારૂ, ૧૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૭ કવાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૪ બિયર ટીન, ૦૧ કાર અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતું. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૦,૫૮૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૧૩૭૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ–** **સમાચાર યાદી નં.૧૩૮૦/૨૦૨૫**

**બાપુનગરઃ** ગૌતમભાઈ ઈશ્વરભાઈ પરમાર (રહે.ગર્વનમેન્ટ "ઈ" કોલોની, અંબર સિનેમા સામે, બાપુનગર) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૦૯/૨૦૨૫ રાતના ૯/૦૦ થી તા.૩૦/૦૯/૨૦૨૫ સવારના ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, તિજોરીમાંથી સોના–ચાંદીના દાગીના અને લેપટોપ તેમજ રોકડ રૂપિયા ૧૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૪૨,૦૦૦/– મતાની ચોરી કરી ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.કે.દેસાઈ ચલાવે છે.

**નિકોલઃ** દિપકભાઈ હરજીભાઈ પરમાર (રહે. ચામુંડાનગર વિભાગ–૦૩, કીર્તી ડેરી સામે, ખોડીયારનગર નિકોલ) એ તા.૩૦/૦૯/૨૦૨૫ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૦૯/૨૦૨૫ થી તા.૨૯/૦૯/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, કબાટમાંથી સોના–ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૧,૮૭,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એમ.કુશવાહા ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં. ૧૩૮૧/૨૦૨૫**

**સરખેજઃ** લાલજીભાઈ જોરાજી ઠાકોર (ઉ.વ.૪૫)(રહે.ખેતરની ઓરડીમા, આરંભ એપાર્ટમેન્ટ રોડ, મેલડી માતાના મંદીર સામે સરખેજ) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૯/૨૦૨૫ બપોરના ૧/૩૦ વાગ્યા પહેલા ઝેરી પ્રવાહી પી લીધું હતું. સારવાર અર્થે તેમને સોલા સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૩૦/૦૯/૨૦૨૫ કલાક ૧/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.ડી.વાળા ચલાવે છે.

**વાસણાઃ** મનીષભાઇ મોહનભાઇ ખટીક (ઉ.વ.૩૧)(રહે.ખોડીયારનગર વિભાગ–૨ અયપ્પા મંદિર પાસે, વાસણા) એ અગમ્ય કારણસર તા.૩૦/૦૯/૨૦૨૫ બપોરના ૩/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને એસ.વી.પી.હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિષ્ણુભાઇ ઘનશ્યામભાઇ ચલાવે છે.

**વટવા જીઆઇડીસીઃ** મયંકભાઇ અમૃતલાલ પરમાર (ઉ.વ.૪૪)(રહે.રાજશ્રી ફલેટ, વૈધનાથ મહાદેવ મંદીર સામે, ઘોડાસર વટવા) એ અગમ્ય કારણસર તા.૩૦/૦૯/૨૦૨૫ બપોરના ૩/૦૦ વાગ્યા પહેલા જીઆઇડીસી વટવા, બોમ્બે કંડકટર પાસે, મહાલક્ષ્મી એસ્ટેટ સામે, નવી વસાહત નંબર ૨૫૦/૭ ખાતે આવેલ પોતાની દુકાનમાં છતના હુકમાં દોરડું બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા જીઆઇડીસી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.એમ.ડાભી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી